બેંકમાં જયારે પ્રેમનું બેલેન્સ ઓછું થઇ, જાય ત્યારે સુખના ચેકો બાઉન્સ થાય છે - ડો. વીજળીવાળા

આપણું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૭૩ | ૨૪ મે, ૨૦૧૪, શનિવાર; વૈશાખ વદ - ૧૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરિણામ જાહેર : રાજ્યનું ૯૪.૧૪ ટકા પરિણામ

# જિલ્લાનું ૯૬.૮૭ ટકા અને શહેરનું ૯૭.૧૪ ટકા

**ગાંધીનગર જિલ્લાના ૧૫ વિદ્યાર્થીઓએ 'એ-૧' ગ્રેડ મેળવ્યો : ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજ ૧૦૦ ટકા પરિણામ સાથે મોખરે : જ્યારે ચાર વિદ્યાર્થીઓના 'એ-૧' ગ્રેડ સાથે સહજાનંદ સ્કૂલ ઓફ એચિવર ટોપર્સમાં મોખરે : ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કોલેજના આશિષ જૈન ૪૭૨ માર્ક સાથે કેન્દ્રમાં પ્રથમ : ૧૭૩ વિદ્યાર્થીઓનું પરિણામ અત્યંત નબળુ**



## શહેરની શાળાઓનું પરિણામ

| ક્રમ | શાળાનું નામ | ટકા |
|---|---|---|
| ૧ | ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ (અંગ્રેજી માધ્યમ) | ૧૦૦ |
| ૨ | સી.એમ. વિદ્યાલય | ૯૯.૭૦ |
| ૩ | વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ | ૯૯.૪૫ |
| ૪ | ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ (ગુજરાતી માધ્યમ) | ૯૯.૩૧ |
| ૫ | સ્કૂલ ઓફ એચીવર્સ (કુડાસણ) | ૯૯.૨૭ |
| ૬ | સહજાનંદ સ્કૂલ ઓફ એચીવર્સ | ૯૯.૦૦ |
| ૭ | આર.જી. કન્યા વિદ્યાલય | ૯૮.૩૬ |
| ૮ | સેંટ ઝેવિયર્સ સ્કૂલ | ૯૯.૨૭ |
| ૯ | ચૌધરી કન્યા વિદ્યાલય | ૯૭.૦૧ |
| ૧૦ | એમ.બી. પટેલ ઈંગ્લિશ મીડીયમ સ્કૂલ | ૯૬.૧૮ |

ગાંધીનગર, તા.૨૩

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૪માં લેવાયેલી ધો-૧૨ વિજ્ઞાનપ્રવાહની પરીક્ષાનું આજે પરિણામ જાહેર થયું હતું. જેમાં બોર્ડનું અકંદરે પરિણામ ૯૪.૧૪ ટકા જેટલું રહ્યું હતું. જયારે ગાંધીનગર જિલ્લાનું પરિણામ ૯૬.૮૭ ટકા રહ્યું હતું. જિલ્લાના ચારેય કેન્દ્રો પૈકી ગાંધીનગર કેન્દ્રનું પરિણામ સૌથી વધુ ૯૭.૧૪ ટકા આવ્યું હતું. સમગ્ર જિલ્લામાંથી ૧૫ વિદ્યાર્થીઓનો એ-વન ગ્રેડમાં સમાવેશ થયો છે જયારે એ-૨ ગ્રેડમાં ૧૮૧ વિદ્યાર્થીઓને સ્થાન મળ્યું છે. સીસીટીવી કેમેરાના ફૂટેજની તપાસ દરમિયાન ગેરરીતીનો એક પણ કીસ્સો ધ્યાને આવ્યો નથી. જિલ્લામાંથી નોંધાયેલા પૈકી ૪૯૮૩ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપી હતી જયારે ૧૭૩ વિદ્યાર્થીઓને આ પરીક્ષામાં સફળતા મળી ન હતી.

ગાંધીનગર શહેરમાં ઈન્ફોસીટી જુનિયર સાયન્સ કૉલેજના આશિષ જૈને ૫૦૦માંથી ૪૭૨ ગુણ મેળવી કેન્દ્રમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે. જયારે આ જ શાળાનું પરિણામ ૧૦૦ ટકા આવતા શહેરમાં મોખરાની શાળા રહીછે. આ ઉપરાંત સહજાનંદ સ્કૂલ ઓફ એચિવરના ૪ વિદ્યાર્થીઓને 'એ-૧' ગ્રેડ મળતા સૌથી વધુ તેજસ્વી વિદ્યાર્થીઓ ધરાવતી શાળાનું સ્થાન મેળવ્યું છે.

માર્ચ મહિનામાં લેવાયેલી ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહની પરીક્ષાનું આજે પરિણામ જાહેર થતા વિદ્યાર્થીઓની ઉત્સુકતાનો અંત આવ્યો હતો. રાજયમાંથી નોંધાયેલા ૧,૧૪,૭૭૮ પૈકી ૧,૧૪,૨૦૪ વિદ્યાર્થીઓએ આ પરીક્ષા આપી હતી. ગાંધીનગર જિલ્લામાંથી પણ નોંધાયેલા ૫ હજાર વિદ્યાર્થીઓમાંથી ૪૯૮૩ પરીક્ષામાં હાજર રહ્યા હતા. આ પૈકી જિલ્લામાંથી ૧૫ વિદ્યાર્થીઓને એ વન ગ્રેડમાં સ્થાન મળ્યું છે. જયારે એ-૨માં ૧૮૧, બી-વન ૪૬૩, બી-ટુમાં ૯૩૨ સી-વનમાં ૧૪૬૮, સી-૩માં ૧૪૪૨ અને ડી ગ્રેડમાં ૩૨૪ વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ૧૭૩ વિદ્યાર્થીઓને પરીક્ષામાં સફળતા મળી નથી. જિલ્લાનું પરિણામ ૯૬.૮૭ ટકા નોંધાયું છે. આ ઉપરાંત કેન્દ્રવાર પરિણામમાં પણ ગાંધીનગર કેન્દ્રનું સૌથી વધુ ૯૭.૧૪ ટકા પરિણામ નોંધાયું છે. જયારે ચાંદખેડા કેન્દ્રનું ૯૫.૪૪ ટકા, કલોલનું ૯૬.૪૩ ટકા અને માણસા કેન્દ્રનું ૯૭.૦૭ ટકા પરિણામ નોંધાયું છે. એ-વન ગ્રેડમાં સ્થાન પામનાર મહત્તમ વિદ્યાર્થીઓ

● અનુસંધાન પાન-૭ પર

## વ્હાલા દાદાજીનો ઋણસ્વીકાર



**જનાબ હાજી ઈબ્રાહીમભાઈ એલ. કુરેશી**
(નિવૃત્ત નાયબ સચિવ, ગુજરાત રાજ્ય)

અભ્યાસની કેડીના પ્રથમ ડગલેથી પ્રેમપૂર્વક ટચુકડી આંગણી પકડીને દોરી જનાર એવા વ્હાલા દાદાજી જ્યારે આજરોજ અમારી વચ્ચે સદેહે ઉપસ્થિત નથી ત્યારે મારા અભ્યાસ જગતની આ જ્વલંત સફળતા તેમને સપ્રેમ અર્પણ કરીને હું ધન્યતા અનુભવું છું.



**લિ. સાહિલ ઈલ્યાસ કુરેશી**
STD : 12th Science
288/300
A1 GRADE
99.94 PERCENTILE

